વડીલોને વંદન અભિનંદન

રાવલ કિરણબેન પી.
(૧૯૫૯) ફોન: ૨૩૨૨૫૭૭૭


યોગેશકુમાર કે. ગાંધી
(૧૯૫૨) ફોન: ૨૩૨૨૬૬૮૬

અનિલ પટેલ
મો.૯૯૭૮૪૦૭૯૯૯

કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની જવાબદારી મોદી સ્વીકારે : મોઢવાડિયા

નોકરીમાં ભરતી કાંડ : સીબીઆઈ તપાસની કોંગ્રેસની ઉગ્ર માંગ

કોઈ પણ સરકારી ભરતી પ્રક્રિયા જાહેર થતા ભાજપના મળતિયાઓ જિલ્લાદીઠ ઉઘરાણુ કરવા ચાલુ કરી દે છે : નરેન્દ્ર મોદી બિનજરૂરી બૂમરાળ મચાવે છે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ ગુજરાતમાં સરકારી નોકરીમાં ભરતી કૌભાંડમાં સીબીઆઈ તપાસની માંગ કરીને મોદી સરકાર પર આજે દબાણ વધાર્યુ હતુ. સાથે સાથે તલાટી-કમ-મંત્રી સહિત અગાઉની તમામ ભરતીમાં થયેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની જવાબદારી ભ્રષ્ટાચારના નામે બૂમરાડ મચાવતા મુખ્યમંત્રી મોદી સ્વીકારી તેવી માંગ અર્જુન મોઢવાડિયાએ કરી હતી.

ગુજરાતમાં ૧૨૦૦ તલાટી કમ મંત્રીની ભરતીમાં આઠ લાખ કતા વધુ યુવા અરજદારો-નોકરી વાંચ્છુકોને સામે ભાજપના જ બે કેબેનેટ મંત્રી તથા મુખ્યમંત્રીના કાર્યાલય સાથે સીધો ધરાબો ધરાવતા ભાજપના અગ્રણી કાર્યકર ૧ કરોડ ૪૩ લાખ રૂપિયા તથા રૂપિયા ગણવાના મશીન સાથે પકડાય ત્યારે દેશમાં ભ્રષ્ટાચારના નામે બુમરાળ કરતા મુખ્યમંત્રી તલાટી કમ મંત્રિ સહિત અગાઉની તમામ ભરતીમાં થયેલ કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની જવાબદારી સ્વીકારે અને ગુજરાતમાં સરકારી નોકરીમાં ભરતી કૌભાંડમાં સીબીઆઈ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના લાખો યુવાનો-યુવતિઓ સાથે વર્ષોથી નોકરીની રાહ જોઈ રહ્યા છે. ગુજરાતમાં ૧૦ લાખ નોંધાયેલા અને ન નોંધાયેલા ૧૫ લાખ એમ કુલ ૨૫ લાખ કરતા વધુ શિક્ષીત યુવાન-યુવતિઓ પોતાની મહેતન કરીને રોજગારી મેળવવા માટે પ્રયત્ન કરતા હોય છે. કોઈપણ સરકારી ભરતી પ્રક્રિયા જાહેર થતા જ ભાજપના મળતીયાઓ અને ખાસ કરીને મંત્રીઓના એજન્ટો સક્રિયતા દાખવીને જીલ્લાદીઠ ઉઘરાણુ કરવાનું ચાલુ કરી દે છે. વર્ષ ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી સમયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ ભરતીઓમાં ૩૦૦ કરોડનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો અને તે અંગે રોજગાર વાંચ્છુઓ યુવાન-યુવતિઓએ મોટા પાયે સરકારમાં ફરીયાદ કરી હતી પણ ભ્રષ્ટાચારની ફરિયાદ બાબતમાં આંખ આડા કાન કરનાર ભાજપ સરકારે ગૌણ સેવા પસંદગી મંડળની પ્રક્રિયામાં પણ ભિનુ સંકેલી લેવામાં આવ્યું. આજદીન સુધી લાખો રોજગાર વાંચ્છુઓને અન્યાય અંગે મુખ્યમંત્રી કેમ મૌન છે ? જીપીએસસીમાં પરીક્ષામાં પેપર ફુટી ગયાના આજદીન સુધી તપાસમાં કોઈ પ્રગતિ થયેલ નથી અને હજુ સુધી આ અંગે રાજય સરકાર તપાસ કેમ સંકેલાઈ જાય તે માટે સક્રિય છે કારણ કે જીપીએસસી પેપર ફુટવાના સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસ થાય તો તપાસનો રેલો મુખ્યમંત્રીના કાર્યાલય સુધી આવે છે.

૧૨૦૦ તલાટી કમ મંત્રીની ભરતી પ્રક્રિયામાં ગેરરિતી આચરનાર ભાજપના કાર્યકર પાસેથી પકડાયેલી ૧.૪૩ કરોડની રકમ તો હિમસીલામાં ટપકા સમાન છે ખરેખર તો તેના કરતા વધુ એટલે કે ૧૦૦ કરોડ જેટલી રકમ બે મંત્રીઓના આર્શીવાદથી સાહેબને વડાપ્રધાન પદ માટે ઉપયોગ માટેની રકમ હતી કે કેમ તેનો જવાબ માંગતા.


લોકસભા ચૂંટણી ધીમે-ધીમે નજીક આવી રહી છે. સૌ પોત-પોતાની રીતે ચારેબાજુ પ્રસાર-પ્રચાર કરી રહ્યા છે. ભાજપાના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્રભાઈ મોદી પણ કંઈકને કંઈક રીતે લાઈમલાઈટમાં તો છે જ. અત્યારે યુવાઓમાં સૌથી પ્રિય મોબાઈલ કવરમાં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના ફોટા જોવા મળી રહ્યા છે.
(તસવીર : કશ્યપ નિમાવત)

બનાસડેરીના નેશનલ કેપીટલ રીજીયન વિસ્તારમાં પોતાના પ્રથમ પ્લાન્ટનું ભૂમિપુજન

પાલનપુર, તા. ૧૮

ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ., (જીસીએમએમએફ)ના સૌથી મોટા દૂધ સંઘ બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિમિટેડ, બનાસડેરી દ્વારા ગુજરાત રાજ્ય બહાર પોતાના પ્રથમ પ્લાન્ટનું ભૂમિપૂજન ફરીદાબાદ, હરિયાણા ખાતે કરવામાં આવ્યું હતું. પ્લાન્ટની પ્રોસેસીંગ ક્ષમતા ૧૦ લાખ લિટર પ્રતિદિવસની છે જે ભવિષ્યમાં વધારીને ૧૫ લાખ લિટર પ્રતિ દિવસ થશે. જીસીએમએમએફના દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિમિટેડ, દૂધસાગર ડેરી અને રોહતક હરિયાણા ખાતે સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિમિટેડ, સાબરડેરી દ્વારા પ્લાન્ટની શરૂઆત કરવામાં આવેલ છે.

બનાસકાંઠા દૂધ સંઘે ફરીદાબાદ ખાતે દૂધની પ્રક્રિયા માટે સુવિધા ઉભી કરવા અંદાજીત રૂ. ૩૦૦ કરોડનું રોકાણ કરવાનું સંઘોની પોતાની માલિકીનો એનસીઆર વિસ્તારમાં આ ચોથો પ્લાન્ટ છે. આ પહેલા માનેસર અને ધારૂહેડા ખાતે મહેસાણા જિલ્લા દૂધ આયોજન કરેલ છે. આ પ્લાન્ટમાં અમૂલ બ્રાન્ડ અંતર્ગત દૂધ, દહીં, છાસ અને આઈસ્ક્રીમનું ઉત્પાદન કરવામાં આવશે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ શુભ પ્રસંગે બનાસડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે ઉપરોક્ત પ્લાન્ટ કાર્યરત થયા બાદ ભવિષ્યમાં બનાસકાંઠા દૂધ સંઘ દ્વારા એનસીઆર વિસ્તારમાં દૂધ સંપાદનમાં વધારો કરવામાં આવશે જેનો સીધો લાભ ઉપભોકતાઓને તેમજ બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકો ઉપરાંત રાજ્ય બહારના દૂધ ઉત્પાદકોને પણ થશે.

બનાસ ડેરીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી સંજય કરમચંદાણીએ જણાવ્યું હતું કે જીસીએમએમએફના માર્ગદર્શન હેઠળ સભ્યસંઘો માટે મિશન ૨૦૨૦ની વ્યૂહરચનાના ભાગરૂપે ડેરી પ્લાન્ટનું વિસ્તૃતિકરણ કરવાની પહેલ કરવામાં આવી છે.

શ્રી પરથીભાઈ ભટોળ, શ્રી કરમચંદાણી, બનાસ ડેરી બોર્ડના તમામ સભ્યો તેમજ જીસીએમએમએફના મેનેજીંગ ડિરેક્ટર, શ્રી આર.એસ. સોઢી આ શુભ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અખિલેશને આરોપી ગણવાની અરજી કોર્ટે નામંજૂર કરી

ગાંધીનગર, તા.૧૮

આસારામના આશ્રમમાં રસોઈયા તરીકે કામ કરતા અખિલેશને આરોપી તરીકે લેવાની અરજી કોર્ટે નામંજૂર કરી છે.

યુવતિના યૌન શોષણ કેસમાં તેમના પત્ની તેમજ પુત્રી ભારતીબેનને પણ મદદગારીમાં આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. જેના આધારે કોર્ટે તેમને રાજય છોડવા મનાઈ ફરમાવી છે. જયારે આશ્રમના રસોઈયા તરીકે કામ કરતા અખિલેશને પ્રાથમિક તબક્કે સહ આરોપી દર્શાવ્યા બાદ પોલીસ દ્વારા તેને સાક્ષી તરીકે કોર્ટમાં દર્શાવવામાં આવ્યો છે. આ મામલે આસારામના વકીલ મારફતે તેને આરોપી તરીકે લેવા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ મામલે આજે ગાંધીનગર કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેના અંતે અખિલેશને આરોપી તરીકે દર્શાવવાની અરજી ના મંજૂર કરવાનો કોર્ટે આદેશ કર્યો છે.

ગેરરીતિ આચરતા પકડાયેલા વિદ્યાર્થીને સજા જાહેર કરાઈ

જેતે વિષયમાં નાપાસ કરવાથી લઈને એક સેમેસ્ટર માટે સસ્પેન્ડ કરવા સુધીની સજા ફટકારવામાં આવી ચુકી છે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ગયા ડિસેમ્બર-જાન્યુઆરીમાં લેવાયેલી ઈજનેરી, ફાર્મસી, એમબીએ અને એમસીએ સહીતની પરીક્ષામાં ગેરરીતી આચરતા પકડાયેલ ૧૨૦ વિદ્યાર્થીઓને આજે સજાની જાહેરાત કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓને જે તે વિષયમાં નાપાસ કરવાથી લઈને એક સેમેસ્ટર માટે સસ્પેન્ડ કરવા સુધીની સજા ફટકારવામાં આવી છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ડિસેમ્બર-જાન્યુઆરીમાં લેવાયેલ વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતી કરતાં ઝડપાયેલ વિદ્યાર્થીઓને નિયમ પ્રમાણે પરીક્ષા શુદ્ધિ સમિતી સમક્ષ ૧૨મી ફેબ્રુઆરીએ સુનવણી હાથ ધરવામાં આવી હતી જેમાં જીટીયુ સંલગ્ન ઈજનેરી, ફાર્મસી, એમબીએસ, એમસીએ, સહિતની વિદ્યાશાળાઓના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવીને તેમને ખુલાસો પૂછવામાં આવ્યો હતા. આ સુનાવણીના આદારે જીટીયુ દ્વારા ૧૨૦ વિદ્યાર્થીઓને સજા ફટકારવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓને જેને વિષયમાં નાપાસ કરવાથી લઈને એક સેમેસ્ટર સુધી સસ્પેન્ડ કરવા સુધીની સજા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પહેલા જીટીયુ દ્વારા પરીક્ષામાં ગેરરીતી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓને પરીક્ષા શુદ્ધિ સમિતી સમક્ષ રજુ કહીને સજા આપવામાં આવતી હતી. જો કે ગત વર્ષે આ પ્રકારે કેટલાક વિદ્યાર્થીઓને આ પ્રકારે સજા આફ્યા બાદ વિદ્યાર્થીઓને કોર્ટનો આશરો લેતા કોર્ટે જીટીયુને વિદ્યાર્થીઓને ખુલાસાની તક આપવા આદેશ કર્યો હતો.

હવે, ગુજરાત પરિવર્તન પાર્ટી ૨૫મીએ ભાજપમાં મર્જ થશે

પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ રાજકારણને અલવિદા કરી ચુક્યા છે ત્યારે જીપીપી નેતા ગોરધન ઝડફિયાની નવી હિલચાલ

અમદાવાદ, તા.૧૮

કેશુભાઈ પટેલની અધ્યક્ષતામાં ૨૦૧૨માં સ્થપાયેલી ગુજરાત પરિવર્તન પાર્ટી ૨૫ ફેબ્રુઆરીના રોજ ભાજપમાં ભળી જશે. આમ, ગુજરાતમાં ત્રીજો રાજકીય વિકલ્પ ઉભો કરવાના આ પ્રયાસનું પણ બાળમરણ થયું છે.

પક્ષના પૂર્વ પ્રમુખ કેશુભાઈ પટેલ હવે રાજકારણને જ અલવિદા કહી ચુક્યા છે ત્યારે ભાજપમાંથી અલગ પડીને પહેલા મહાગુજરાત જનતા પાર્ટી શરૂ કરનારા અને પછી જીપીપી સાથે જોડાણ કરનારા અને એકેય ચૂંટણી ન જીતી શકનારા ગોરધન ઝડફિયાને જીપીપીના પ્રમુખ બનાવાયા હતા.

જો કે, કેશુભાઈએ રાજીનામું આપ્યું ત્યારથી જ જીપીપીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચુક્યું હતું. મળતી માહિતી અનુસાર, ૨૫મી ફેબ્રુઆરીએ મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યોજાનારા કાર્યક્રમમાં ગોરધન ઝડફિયા સહિત સમગ્ર ગુજરાત પરિવર્તન પાર્ટી કેસરીયો ખેસ ધારણ કરશે. છેલ્લા કેટલાક સમયથી સંઘ પણ જીપીપી ભાજપમાં ભળી જાય તે માટે સક્રિય થયાની પણ ચર્ચા હતી. આમ પણ, નરેન્દ્ર મોદી સામે મેદાને પડનારી જીપીપી વિધાનસભામાં કંઈ ઉકાળી શકી નહોતી. તેના માત્ર બે જ ધારાસભ્યો આ ચૂંટણીમાં જીત્યા હતા. જેમાંથી નલીન કોટડિયા પહેલાથી જ ભાજપ તરફ ઝુકી ગયા હતા. તો અન્ય ચૂંટાયેલા ધારાસભ્ય અને પક્ષના પ્રમુખ કેશુભાઈ પટેલે પણ તેમનો દીકરો ભરત પટેલ ભાજપમાં જોડાયા બાદ ન માત્ર જીપીપનું પ્રમુખ પદ છોડ્યું હતું પરંતુ, પોતાના વિસાવદર બેઠક પરથી પણ રાજીનામું આપી સક્રિય રાજકારણમાંથી સંન્યાસ લઈ લીધો હતો. પક્ષના આ નિર્ણયને કારણે જાગૃતિબેન પંડ્યાની હાલત કફોડી થઈ છે. પૂર્વ ગૃહરાજ્ય મંત્રી સ્વ. હરેન પંડ્યાના પત્ની જાગૃતિબેન આ કેસમાં ભાજપ સરકારે યોગ્ય તપાસ ન કરાવી હોવાના આક્ષેપ સાથે સરકારની વિરૂદ્ધ ઉતર્યા હતા પરંતુ, હવે તેમના પક્ષે જ ભાજપ સાથે જોડાણ કરવાનું નક્કી કરતા જાગૃતિબેન હવે શું કરે છે તે જોવાનું રહે છે.

શબ્દાવલી - ૫૩૧૮



આડી ચાવી

૧. પડકાર (૪)
૪. રાત્રી, રજની (૨)
૬. સમુદ્રમાં દીવાવાળો મિનારો (૪)
૯. પ્રજાપિતા બ્રહ્મા (૨)
૧૧. પરોઢ, પ્રભાત (અપ્રચલિત શબ્દ) (૫)
૧૨. એક જંતુ (૨)
૧૪. મિત્ર, દોસ્ત (૨)
૧૫. ખેતરમાં વાવવા રાખેલું અનાજ (૪)
૧૬. સાચું, સત્ય (૨)
૧૮. એક કઠોળ (૨)
૧૯. માન-અપમાન (૫)
૨૩. ગુંદર-દુઃખ (૨)
૨૪. ફરી લખાતો પત્ર, યાદપત્ર (૫)

ઊભી ચાવી

૧. સ્વતંત્ર (૩)
૨. મદારી, સાપ પકડનાર (૨)
૩. રાજા, સિપાહસાલાર (૩)
૫. કુવારો (૩)
૭. ડંડો જેનાથી રાસ-ગરબા રમાય (૩)
૮. તફાવત (૪)
૧૦. ભૂલની માફી માંગવી તે (૫)
૧૩. દૂધ ભાતની વાનગી તે (૫)
૧૫. જીર્ણશીર્ણ થઇ ગયેલ (૪)
૧૬. સાતમ પછી... આવે (૩)
૧૮. એક જળચર (૩)
૨૦. બાળવાર્તાનું કાલ્પનિક પાત્ર (૨)
૨૧. મમ્મીના ભાઇ તે... (૨)
૨૨. ના, નહિ (૨)

શબ્દાવલી ૫૩૧૭ના જવાબ

આડી ચાવી :- (૧) આવાગમન (૫) વા (૬) લોચન (૭) ટપકુ (૧૦) ચના (૧૧) અખરોટ (૧૨) કલમો (૧૪) ટપવું (૧૫) યતિમ (૧૯) ચુલ (૨૦) રબર (૨૨) મહોરમ (૨૪) ટક (૨૫) નળી (૨૬) લમણાકૂટ

ઊભી ચાવી :- (૧) આલોચક (૨) વાચનાલય (૩) ગન (૪) નટખટ (૮) પરોપકાર (૯) કુટવું (૧૩) મોતિચુર (૧૬) મલમલ (૧૭) રમકટ (૧૮) દામન (૨૧) બટકું (૨૩) હોળી

કંપની સમાચાર

બેસ્ટ સેલર નવલકથા 'વાયુપુત્રોના શપથ'નું અમીશ ત્રિપાઠી હસ્તે TOYCRA' આજે વિમોચન

ઈન્ટરનેશનલ બેસ્ટ સેલર નવલકથાના વિખ્યાત સર્જક શ્રી અમીશ ત્રિપાઠી એમની ત્રીજી સુપરહીટ અંગ્રેજી નવલકથા ધ ઓથ ઓફ ધ વાયુપુત્રાસના ગુજરાતી અનુવાદીક પુસ્તક વાયુપુત્રોના સપથના વિમોચન પ્રસંગે અમદાવાદમાં ૧૫મી ફેબ્રુઆરીએ ખાસ ઉપસ્થિત રહેશે.

અમદાવાદમાં પ્રહલાદનગર ગાર્ડન પાસે આવેલાં ટોયઝ કમ બુક્સના સૌથી વિશાળ અને અદ્યતન શૉ-રૂમ TOYCRA 'વાયુપુત્રોના શપથ' નવલકથાનું ૧૫મી ફેબ્રુઆરીએ સાંજે ૫.૦૦ કલાકે વિખ્યાત અંગ્રેજી નવલકથાકાર શ્રી અમીશ ત્રિપાઠી તથા જાણીતા ગુજરાતી યુવા લેખક જય વસાવડા વિમોચન કરશે. કાર્યક્રમનું સંચાલન યુવા કવિ અનિલ ચાવડા કરશે.

શ્રી અમીશ ત્રિપાઠી લિખિત ધ ઈમ્પોટેલ્સ ઓફ મેલૂહા, ધ સિક્રેટ ઓફ નાગાસ અને ધ ઓથ ઓફ ધ વાયુપુત્રાસ એમ ત્રણ અંગ્રેજી નવલકથા દેશવિદેશમાં વિખ્યાત અને બેસ્ટ સેલર બની છે. શિવકથન શ્રેણીની આ ત્રણ નવલકથા અનુક્રમે બાર, સાત અને ત્રણ ભારતીય ભાષામાં અનુવાદિત થઈ છે. જેની અંદાજે બે મિલિયન નકલોનું વેચાણ થવાથી બેસ્ટ સેલર બુક બની છે. અમીશ ત્રિપાઠી ત્રીજી નવલકથાના ગુજરાતીમાં અનુવાદિત પુસ્તક વાયુપુત્રોના શપથનું પ્રકાશન-વિતરણ ગુજરાતના જાણીતા બુક પબ્લિસર્શ અને સેલર્સ નવભારત સાહિત્ય મંદિર દ્વારા થયું છે. ભારતીય સંસ્કૃતિના અદ્‌ભુત કથાનકની રોમાંચક નવલકથા પૃષ્ઠ ધરાવે છે.

વેલ્યુ ચેઈન સોલ્યુશન્સ ગુજરાતમાં વિસ્તરણ કરશે

ગુજરાત સ્થિત કંપની વેલ્યુ ચેઇન સોલ્યુશન્સ (ઈન્ડિયા) પ્રા.લિ. (વીસીએસ) ૧૦-૧૪ માર્ચ, ૨૦૧૪ દરમિયાન હેનોવર, જર્મનીમાં યોજાનારી વિશ્વની સૌથી મોટી આઈટી ઈવેન્ટ સેબિટ ખાતે તેની આઈટી ઈનેબલ્ડ પ્રોડક્ટ્સ અને સર્વિસિસ ઓફર કરીને તેની કામગીરીને સાચા અર્થમાં વૈશ્વિક કરશે. આ સૌથી મોટી આઈટી ઈવેન્ટ છે, જેમાં બે લાખથી વધુ પ્રોફેશનલ મુલાકાતીઓ ભાગ લેશે. તેમાંના ત્રીજા ભાગના મુલાકાતીઓ ટોપ મેનેજમેન્ટ હશે, જેઓ નિતી નિર્ણાયક છે. ઈવેન્ટમાં ૧૦૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધીઓ હશે અને ઈવેન્ટને ૭૦ થી વધુ દેશોમાં વ્યાપક કવરેજ મળશે.

ગુજરાતે સફળ ઉદ્યોગસાહસિક પેદા કરવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે અને તેથી ગુજરાતે વિશ્વ સમક્ષ ઉદ્યોગસાહસિકતાની તેની સમૃદ્ધ ક્ષમતા પુરવાર કરી દીધી છે. ગુજરાતના લોકો બાળપણથી જ સાહસિક માનસ ધરાવે છે અને તેને પરિણામે જ રાજ્યમાં અનેક સફળ શોધો થઈ છે. વેલ્યુ ચેઇન સોલ્યુશન્સ (ઈન્ડિયા) પ્રા.લિ.એ આ સાબિત કરી દીધું છે.

ગુજરાતની સ્થાનિક કંપનીઓ આજે નોકરીની અનેક તકો ઓફર કરે છે અને દેશભરમાંથી પ્રતિભાને આકર્ષે છે. ભારતીય ઉદ્યોગસાહસિકોએ આઈટીનું વિસ્તરણ કર્યુ છે અને તેનું ફોક્સ માત્ર સોફ્ટવેર ડેવલપમેન્ટ કે આઉટસોર્સિંગ નહી, બિઝનેસ સોલ્યુશન્સ પર છે. વીવીએસે ઈનોવેટિવ પ્રોડક્ટ્સનું નિર્માણ કરવા અને બજારમાં સ્પર્ધાત્મકતા હાંસલ કરવા તેના આઈરએન્ડડી ડિવિઝનમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે.

કોંગ્રેસ દ્વારા ભાજપ સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવા વિચારણા

ગાંધીનગર, તા. ૧૮

૨૦મી ફેબ્રુઆરી-૨૦૧૪થી શરૂ થતુ વિધાનસભાનું સત્ર તોફાની બને તેવી શક્યતા છે. આ સત્ર દરમ્યાન વિપક્ષ કોંગ્રેસ સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨૦મી ફેબ્રુઆરીથી વિધાનસભાનું ટુંકુ સત્ર મળી રહ્યું છે. આ સત્ર દરમ્યાન વિપક્ષ કોંગ્રેસ રાજ્યમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને મુખ્ય મુદ્દોબનાવીને સરકારને ભીંસમાં લેવાની રણનીતિ અપનાવે તેવી શક્યતા છે.

આ ટૂંકા સત્ર દરમ્યાન વિપક્ષ કોંગ્રેસ દ્વારા રાજ્ય સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત લાવનાર છે. આ માટે વિપક્ષ દ્વારા એક દરખાસ્ત તૈયાર કરીને વિધાનસભાને મોકલી આપી હોવાનું જાણવા મળે છે. તાજેતરમાં જ મહેસૂલી તલાટીની ભરતીમાં પૈસા લઈને નોકરી અપાવવાના કૌભાંડના થયેલ પર્દાફાશના મુદ્દાને વિપક્ષ કોંગ્રેસ વિધાનસભામાં ઉઠાવીને રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટેનો પ્રયાસ કરશે. વિપક્ષ કોંગ્રેસ દ્વારા રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટે રણનીતિ ઘડી કાઢવામાં આવી હોઈ ૨૦મીથી શરૂ થતુ વિધાનસભાનું સત્ર તોફાની બને તેવી સંભાવના સેવાઈ રહી છે.

ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોના ધારાસભ્યોની બેઠક આગામી ૨૦મીએ સવારે મળનારી છે જેમાં રણનીતિ ઘડી કાઢવામાં આવશે.

રેલવેને રજૂઆત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે આ પૈકી દિલ્હી તરફની ૪ ટ્રેન વાયા મહેસાણા, પાલનપુર, પાટણ થઈને આગળ વધવાની છે. જેને ધ્યાને લઈ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ તેમજ મયુર વ્યાસે આ ટ્રેન વાયા ગાંધીનગર દોડાવવા મુંબઈ વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજરને પત્ર લખી રજૂઆત કરી છે. આ માંગણી સ્વીકારવામાં આવે તો કેપીટલ સ્ટેશન સાથે ભાવનગર, કચ્છ, બિહાર તેમજ કર્ણાટકનું જોડાણ પણ શક્ય બને તેમ પણ તેમણે જણાવ્યું છે.

ભાવ ઘટાડો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયા કરવામાં આવી રહી છે. આમાં વેટનો સામાવેશ થતો નથી. યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે ભાવમાં ઘટાડો ૧૯મી ફેબ્રુઆરીથી એટલે કે આવતીકાલથી અમલી બનશે. ભારત સરકારે ત્રીજી ફેબ્રુઆરીના દિવસે સુધારેલી માર્ગદર્શિકા જારી કરીને સીટી ગેસ ડિસ્ટીબ્યુશન કંપની અને સીએનજી(ટ્રાન્સપોર્ટ) અને પીએનજી(ડોમેસ્ટીક)ને સ્થાનિક ગેસની ફાળવણી માટે માહિતી આપી હતી. આ માર્ગદર્શિકા જારી કરવામાં આવ્યા બાદ સુધારો કરવામાં આવ્યો છે. ગેસની કિમતોમાં ઘટાડો બીજી વખત કરવામાં આવ્યો છે. અગાઉ અદાણી ગેસે સીએનજીની કિમતમાં ૨૬મી ડિસેમ્બરના દિવસે રૂપિયા ૧૦નો અને પીએનજીની કિંમતમાં રૂપિયા ૮નો ઘટાડો કર્યો હતો. બે મહિના અગાઉ સીએનજીની કિંમત પ્રતિકિલો ૬૮.૮૦ રૂપિયા હતી અને પીએનજીની કિમત ૩૭ રૂપિયાની આસપાસની હતી. લાખોની સંખ્યામાં લોકોને સીધો ફાયદો મળી ગયો છે. અદાણી ગેસે માર્ગદર્શિકા સુધારવામાં આવ્યા બાદ સીએનજી અને પીએનજીની કિમતમાં તરત જ ઘટાડો કર્યો છે.

ગ્રામભારતી આવતા અબ્દુલ કલામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂર્વ રાષ્ટ્રપતિ આજે ગ્રામભારતીના કાર્યક્રમમાં આ પાંચેય બાળકનું સન્માન કરવાના છે જે જિલ્લાના પ્રા. શિક્ષણ માટે અતિ ગૌરવની વાત છે. આ ઘટનાને લઈ જિલ્લાના શિક્ષણ જગતમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિલ્લાના પ્રા. શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીએ જણાવ્યું હતુ કે આ વાત જિલ્લામાં ગુણવત્તાસભર શિક્ષણવ્યવસ્થાને એક નવી જ દિશા આપશે એમાં કોઈ બે મત નથી. તેમણે જણાવ્યુ હતુ કે ગુણવત્તાસભર શિક્ષણ એ અમારો ધર્મ છે અમે તે દિશામાં ઘણી બધી કામગીરી કરી રહ્યા છીએ. શાળાના આચાર્યો સાથે પણ માસિક બેઠકોમાં આ મુદ્દે ચર્ચાઓ કરીએ જ છીએ.

નિષ્પક્ષ તપાસ કરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેસમાં સ્માર્ટ એકેડમીના સંચાલક ડૉ. કલ્યાણસિંહ ચંપાવતને પોલીસે ઝડપી લીધા બાદ ચોંકાવનારી હકીકતો પ્રકાશમાં આવી રહી છે. ભ્રષ્ટાચારના ભોરીંગનો અજગર ભરડો લેનાર ચંપાવત ભાજપ પાર્ટી સાથે કનેકશન ધરાવતા હોવાની વાત પ્રકાશમાં આવી છે. ત્યારે આગામી લોકસભાની ચૂંટણીમાં ચંપાવત સાબરકાંઠા બેઠક પર ઉમેદવારી નોંધાવવા પણ ઉત્સુક હોવાનું મનાઈ રહ્યું છે. તલાટીની નોકરીનો ઓર્ડર અપાવવાની દુકાન ખોલીને બેઠેલા કલ્યાણસિંહ ચંપાવતની આ કૌભાંડી હરકત સામે ચોમેરથી વિરોધ ઉઠવા પામ્યો છે. આજે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા પણ સે-૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે બેનર્સ અને પ્લેકાર્ડસ સથે વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ વ્યાપક પ્રમાણમાં આચરવામાં આવેલા ભ્રષ્ટાચાર સંદર્ભે નિષ્પક્ષ તપાસ થાય તેવી ઉગ્ર માંગ કરી હતી. જ્યારે નોકરીની લાલચે જે યુવાનોએ પૈસા ગુમાવ્યા છે તેમને પૈસા પરત મળે તેવી પણ માંગણી કરી હતી.